## મોજે તડકેશ્વર, તા.અરેઠ. જી. સુરતના સર્વે નં. ૧૭૪૨/૧, બ્લોક નં.૨૨૭૮/૬ થી ૨૨૭૮/૮ તથા ૨૨૭૮/૧૪ અન્વયે નોંધાયેલી મિલકત અંગે ટાઈટલ સંબંધી તથા વેચાણ અંગેની જાહેર નોટીસ

ડીસ્ટ્રીકટ સુરત, સબડીસ્ટ્રીકટ તાલુકે **અરેઠનાં ગામ મોજે તડકેશ્વર**નાં મુળ સર્વે નં. ૧૭૪૨/૧, **બ્લોક નં. ૨૨૭૮** અન્વયે નોંધાયેલી સુમારે **૩૨૧૭૩ ચો.મી.** ક્ષેત્રફળવાળી ઔદ્યોગિક હેતુ માટે બીનખેતીની જમીન આયોજન કરવામાં આવેલ પ્લોટો પૈકી **'એ' ટાઈપ સબ પ્લોટ / યુનીટ નં. ૬, ૭ અને ૮** (રેવન્યુ રેકર્ડ મુજબ બ્લોક / પ્લોટ નં. ૨૨૭૮/૬, ૨૨૭૮/૭ અને ૨૨૭૮/૮) અન્વયે નોંધાયેલી મીલકતો કે જેનું રેવન્યુ રેકર્ડ મુજબ ક્ષેત્રફળ અનુક્રમે **૨૩૭૧.૯૪ ચો.મી., ૨૪૨૬.૨૧ ચો.મી. તથા ૨૨૧૦.૩૯ ચો.મી.** થાય છે તે મીલકત તથા તેને લાગુ સી.ઓ.પી.–૩ (રેવન્યુ રેકર્ડ મુજબ બ્લોક / પ્લોટ નં. ૨૨૭૮/૧૪) કે જેનું ક્ષેત્રફળ સુમારે ૩૩૬.૦૦ ચો.મી. ચાલી આવેલ છે. એમ મળી કુલ્લે **૭૩૪૪.૫૪ ચો.મી.** ક્ષેત્રફળ વાળી જમીન તથા તે ઉપર કરવામાં આવેલ સુમારે **૫૫૭.૪૧૮ ચો.મી.** નાં ઔદ્યોગીક પતરાના શેડ સહિતવાળી મિલકતનાં માલીક **સાનીકા ઈન્ડસ્ટ્રીઝ પ્રા. લી.** ચાલી આવેલ છે. જે સબબ, મજકુર મિલકત હાલના માલિક અને કબજેદારએ પોતાની સ્વતંત્ર માલીકી તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની અને કોઈનાં કોઈપણ જાતના સોદા, સાટાખત, બોજા, ચાર્જ કે અન્ય કોઈપણ કોર્ટ કચેરીના દાવા–દુવીમાં સંડોવાયેલી ન હોવાનું જણાવી તથા નકરજી, નબોજી, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ મિલકત ઉપર કોઈપણ વ્યકિત, વ્યકિતઓનો સમુહ, પેઢી, કંપની, રાષ્ટ્રીયકૃત, સરકારી બેંક કે મંડળીઓ કે સંસ્થા તેમજ અન્ય કોઈના લાગભાગ, હકક, હિસ્સો, દર–દાવો, અલાખો, ઈઝમેન્ટના કે કબજાના કે અન્ય હરકોઈ પ્રકારના હકકો લાગુ પડતા હોય કે કોઈકના બોજા, ચાર્જ–લેણું, સોદા, સાટાખત વિગેરે હોય તો **દિન–૦૭ (સાત)** માં અધિકૃત પુરાવા સહિત લેખિત વાંધા હમોને રજીસ્ટર્ડ એ.ડી. થી પહોંચતા કરવા. મુદ્દત દરમ્યાન માંગ્યા મુજબ કોઈ પાસેથી વાંધા નહિ પ્રાપ્ત થાય તો સદરહું મિલકત પરત્વે કોઈના કોઈપણ જાતના હકક, હિત, હિસ્સો વિગેરે નથી અને હોઈ તો મજકુર મિલકત માલીકની તરફેણમાં જતા કરેલ યાને વેવ કરેલ છે તેમ શુધ્ધબુધ્ધિપુર્વક માની હમારા અસીલ મુકરર કરેલ વેચાણ અવેજનાં તમામ નાણાં ચુકવીને સદરહુ મિલકતનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તર–તકરાર, દર–દાવો, ફરીયાદ ગ્રાહ્ય રહેશે/ચાલી શકશે નહી. જેની લાગતા વળગતા સૌએ ખાસ નોંધ લેવી. સ્થળ : સુરત. તારીખ : ૨૫/૧૦/૨૦૨૬.

**પરેશ એસ. મોદી**
એડવોકેટ
૧/૧૪૯૫, બીજો માળ, લો-એવેન્યુ, મેઘ પેલેસ એપાર્ટમેન્ટ સામે, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત. મો.૯૮૭૯૮ ૫૬૯૯૩

## ''અર્થવ એલિગન્સ'' નામથી ઓળખાતા પ્રોજેકટ અંગે ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

ડી. સુરત, સબ-ડી. કતારગામ, **ગામ–વરિયાવ** ના રે.સ.નં. ૧૩૮૪, **બ્લોક નં. ૧૩૩૯** વાળી જમીન, ક્ષેત્રફળ સુમારે હે. ૦ - ૨૭ આરે - ૩૫ ચો.મી. યાને ૨૭૩૫ ચો.મી., ટી.પી.સ્કીમ નંબર : ૩૭ (વરીયાવ), ફાયનલ પ્લોટ નંબર : ૬૯, ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ સુમારે ૧૭૭૮ ચો.મી. છે તે બીનખેતીની જમીનમાં મંજુર થયેલ પ્લાન મુજબ **સીયા ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી** દ્વારા બાંધવામાં આવેલ **''અર્થવ એલિગન્સ''** ના નામની ઈમારતમાં આવેલ અલગ અલગ ફ્લેટો/યુનીટો તથા મજકુર પ્રોજેકટમાં આવેલ તમામ રાસુકી સગવડો જેવી કે, દાદર, પેસેજ, રોડ–રસ્તા, સી.ઓ.પી., ઓપન સ્પેસ, કોમન એમેનીટીઝ વિગેરે તમામના હક્કો સહિતની મિલ્કત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હક્કો સહિતની મિલ્કત સીયા ઈન્ફ્રા એક ભાગીદારી પેઢી અને તેના ભાગીદારો **(૧) અંકિત રમેશભાઈ પટેલ, (૨) રમેશભાઈ નરશીભાઈ પટેલ, (૩) સવિતાબેન રમેશભાઈ પટેલ, (૪) જીતેન્દ્ર ભવરલાલ પુરોહિત, (૫) નરેન્દ્ર ભવરભાઈ પુરોહિત, (૬) મેઘા ભુપેન્દ્રભાઈ શાહની** માલિકીની ચાલી આવેલ હોવાનું જણાવેલ છે તેમજ સદરહુ જમીન ઉપર તેઓએ **અર્થવ એલિગન્સ** ના નામથી પ્રોજેકટનું આયોજન કરેલ છે, સબબ, સદરહુ પ્રોજેકટમાં આવેલ હરકોઈ ફ્લેટ / યુનિટોનો હરકોઈ રીતે વહીવટ, વ્યવસ્થા, વેચાણ, ગીરો, બલીસ કરવાનો હક્ક અને અધિકાર મજકુર સીયા ઈન્ફ્રા ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદારોનો ચાલી આવેલ હોવાનું જણાવેલ છે, હાલમાં, સદરહુ પ્રોજેકટના તારણ ઉપર **સીયા ઈન્ફ્રા ભાગીદારી પેઢી** તરફે તેના ભાગીદારોએ **ધી સુરત પીપલ્સ કો–ઓપ. બેંક લી.** ઠેકાણું : વસુધારા ભવન, નાનપુરા, ટીમલીયાવાડ, સુરત પાસેથી પ્રોજેકટ ફાયનાન્સ મેળવવાનું નક્કી કરેલ છે.

સબબ, સદરહુ **અર્થવ એલિગન્સ** ના નામથી ઓળખાતા પ્રોજેકટમાં આવેલ હરકોઈ ફ્લેટ / યુનિટ અંગે કોઈનો કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારે હક્ક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હક્ક કે અધિકાર હોઈ કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક હોય કે કોઈ પણ બેંક, સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઈન્સ્ટીટયુટનો બોજો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી દિન-૫(પાંચ) માં અમોને કાયદામાં ગ્રાહય પુરાવા સહિત લેખિતમાં રૂબરૂ મળવુ, જો તેમ કરવામાં કસુર થશે તો આ નોટીસની મુદત વિત્યે, સદરહુ પ્રોજેકટ અંગે કોઈપણ વ્યક્તિ કે સંસ્થાનો કોઈપણ પ્રકારે લાગભાગ, હક્ક, હિસ્સો, હિતસંબંધ કે વેચાણ રાખવાના હક્ક કે અધિકાર નથી કે કોઈનો ભરણ પોષણ કે આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હક્ક કે કોઈ પણ બેંક સહકારી મંડળી કે ફાયનાન્શીયલ ઈન્સ્ટીટયુટનો બોજો નથી અને હોય તો તે તમામ જતા કર્યા છે યાને છોડી દીધા છે. તેમ માની હમો ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપીશું. ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ પ્રકારની તકરાર કે દાવો ચાલશે નહી, તેમજ ભવિષ્યમાં સદરહુ પ્રોજેકટ ઉપર ધી સુરત પીપલ્સ કો–ઓપ. બેંક લી. દ્વારા ધીરાણ આપ્યથી સદર પ્રોજેકટમાં આવેલ દરેક ફ્લેટ/યુનીટ નું વેચાણ/ખરીદ કરતા અગાઉ બેંકનું એન.ઓ.સી. મેળવવુ ફરજીયાત રહેશે સહી. જેની લાગતા વળગતાએ નોંધ લેવી.

**ધીરાણ લેનાર :–**
**સીયા ઈન્ફ્રા ભાગીદારી પેઢી તરફે તેના ભાગીદારો**
(૧) અંકિત રમેશભાઈ પટેલ,
(૨) રમેશભાઈ નરશીભાઈ પટેલ,
(૩) સવિતાબેન રમેશભાઈ પટેલ,
(૪) જીતેન્દ્ર ભવરલાલ પુરોહિત,
(૫) નરેન્દ્ર ભવરભાઈ પુરોહિત,
(૬) મેઘા ભુપેન્દ્રભાઈ શાહ

ધીરાણ આપનાર :-
**ધી સુરત પીપલ્સ કો-ઓપ. બેંક લી.**
**અધિકૃત અધિકારી, લોન ડીપાર્ટમેન્ટ**

ઓફીસ : ૨૦૭, જલદર્શન ટાવર, નાવડી ઓવારા સામે, બહુમાળી બીલ્ડીંગ પાસે, નાનપુરા, સુરત. મો.નં. ૯૮૭૯૧ ૭૮૯૦૦
મારી મારફત
**અલ્પેશ જે. આફ્રીકાવાળા**
એડવોકેટ & નોટરી

## જાહેર ચેતવણી

હમો નીચે સહી કરનાર રમાબેન ઝવેરભાઈ સોલંકી, રહે. બી-૧૬, ભુવનેશ્વરી સોસાયટી, શ્રીજી નગરી ની પાછળ, રાજ દર્શન રો - હાઉસ ની બાજુમાં, ઉગત, રાંદેર રોડ, સુરતના આથી જાહેર જનતાને જણાવીએ છીએ કે, કે બાજુમાં બતાવેલ ફોટાવાળી વ્યકિત મારો પુત્ર નામે **સંજયકુમાર ઉર્ફે સંજુ ઝવેરભાઈ સોલંકી** જે હમારા તથા હમારા પરિવારના કહયામાં નથી, અને હમોને તથા હમારા પરિવારને જાણ કર્યા વગર હમારા ઘરનો ત્યાગ કરેલ છે, જેથી હમોએ તેની સાથે અમારા તમામ આર્થિક, સામાજીક કે પારીવારીક સંબંધોનો અંત આણેલ છે, અને તેની સાથે અમારો કે હમારા પરિવારનો કોઇ સંબંધ રહ્યો નથી તેમજ અમોએ **સંજયકુમાર ઉર્ફે સંજુ ઝવેરભાઈ સોલંકી**ને અમારી સ્થાવર-જંગમ માલ-મીલકતોમાંથી કાયમી બરતરફ કરેલ છે અને **સંજયકુમાર ઉર્ફે સંજુ ઝવેરભાઈ સોલંકીની પત્ની** નો હમારી સ્થાવર તેમજ જંગમ માલ-મીલકતોમાંથી કોઇ હકક, હીત, હિસ્સો રહયો નથી અને રહેશે નહીં. જેથી કોઇ પણ ઇસમે તેમની સાથે કોઇપણ જાતનો નાણાંકીય, આર્થિક, સામાજીક વ્યવહાર કે અન્ય કોઇ વ્યવહારો કરવા-કરાવવા નહીં કે હમારી સંયુકત/સ્વતંત્ર માલીકીની જમીન, મીલકતો બાબતે તેઓ સાથે કોઇ લખાણો, કરારો, દસ્તાવેજો વિગેરે કરવા-કરાવવા નહી અને જો કરશે-કરાવશે તે હમોને કે હમારા પરિવારને બંધનકર્તા રહેશે નહી, તેમજ અને તેમાં હમારી કે હમારા પરિવારની કોઇ જાતની જવાબદારી રહેશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

સહી/-
**રમાબેન ઝવેરભાઈ સોલંકી**
રહે.: બી-૧૬, ભુવનેશ્વરી સોસાયટી, ઉગત, રાંદેર રોડ, સુરત

મારી મારફત : **Bharat S. Sakpal** - Advocate
322, Lalbhai Contractor Building, Nanpura, Surat. Mob. : 99793 67580

## :: વેચાણ અંગેની જાહેર નોટીસ ::

આથી જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ તાલુકો કામરેજ, મોજે ગામ : **કોસમાડાના જુનો બ્લોક નં.૯૩, રી-સર્વે બાદ નવો બ્લોક નં.૯૧** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીન, કે જેનું રેવન્યુ રેકર્ડ ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ **હે.આરે. ૦-૫૯-૫૭ ચો.મી.** છે અને આકાર રૂા.૪.૮૪ પૈસા છે. સદરહુ જમીન (૧) પ્રવિણભાઈ રતિલાલ (૨) કાંતિલાલ રતિલાલ (૩) રાજેન્દ્ર રતિલાલ (૪) હષુબેન રતિલાલનાઓની સંયુકત માલીકી, પ્રત્યક્ષ કબજા, વહીવટ, ભોગવટાની, નકરજી, નબોજી તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવીને અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. જેથી સદરહુ જમીન માલીકી બાબતે કે તેના હિસ્સા ઉપર જો કોઇ વ્યકિત, બેંક, મંડળી, કંપની, સંસ્થા કે અન્ય કોઇનો કોઇપણ પ્રકારનો પ્રત્યક્ષ, પરોક્ષ કે અન્ય કોઇપણ પ્રકારે વાંધો-વિરોધ, અવરોધ, અટકાયત, તર-તકરાર, લાગ-ભાગ, વેચાણ, સાટો, ગીરો, બક્ષીસ, વારસાઇ, કબજા-ભોગવટા, ઇઝમેન્ટ, લીયન, લેણા, બોજો, અલાખો, હકક, હીત, હીસ્સો, અધિકાર, સંબંધ કે દર દાવો ચાલી આવેલ હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં તે બદલના કાયદેસરના તમામ પુરાવાઓ સાથે નીચેના સરનામે રૂબરૂમાં લેખીત જાણ કરીને તે અંગેની ખાતરી કરાવી જવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો, મજકુર જમીન ઉપર કોઇનો કોઇપણ પ્રકારનો લાગ, ભાગ, હકક, હિસ્સો, અધિકાર, બોજો કે દર દાવો છે નહી અને હોય તો તે વેવ/જતો કરેલ છે તેમ સમજી અમારા અસીલ સદરહુ જમીન વેચાણ રાખવા અંગેની કાર્યવાહી પુર્ણ કરી/કરાવીને, સદરહુ જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, મુદત વિત્યે કોઈની કોઇપણ જાતની તર-તકરાર કે વાંધો-વિરોધ કરવા/કરાવવામાં આવશે તો આ જાહેર નોટીસથી રદ બાતલ ગણાશે જેની છેવટની નોંધ લેશો.

તારીખ : ૨૩/૧૦/૨૦૨૬
ઓફીસ : નાકરાણી & સોનાણી કું.
૬૦૩, પ્રમુખ ડોકટર હાઉસ, આઈમાતા ચોક, હુંડાઈ શો-રૂમની બાજુમાં, સુરત કડોદરા રોડ, પરવત પાટીયા, સુરત. ફોન નં. : ૯૯૨૫૪ ૨૦૫૯૫
**મહેન્દ્ર એમ. નાકરાણી**
એડવોકેટ

## જાહેર નોટીસ

આથી તમામ જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ-ડીસ્ટ્રીકટ ચોર્યાસીના મોજે ગામ : **મગોબ ના રેવન્યુ સર્વે નંબર : ૩૯/અ પૈકી, બ્લોક નંબર :૬૧/૧ પૈકી** ની બિનખેતીની જમીન કે જેનું કુલ ક્ષેત્રફળ ૪૩૮૦ ચો.મી. વાળી જમીનમાં બાંધવામાં આવેલ **''અર્પણ કોમ્પલેક્ષ''** નામની બિલ્ડીંગ-એ, બી, સી, ડી, ઇ પૈકી **''બી''** ટાઇપના બિલ્ડીંગમાં **ગ્રાઉન્ડ ફલોર** માં આવેલ દુકાનો પૈકી **દુકાન નંબર : ૧૨,** જેનું કુલ બિલ્ટઅપ ક્ષેત્રફળ ૨૭૬.૦૦ ચો.ફુટ યાને કે **૨૫.૬૫ ચો.મી.** વાળી મિલકત તથા તેના તળની જમીનમાં વણ-વહેંચાયેલ હિસ્સાની ૧૪.૨૫ ચો.મી. સહીતની જમીન તથા તેને લાગતાં-વળગતાં અંદરના તથા બહારના તમામ હક્કો સહીતની મિલકત અમારા અસીલશ્રી **વેનારામ કેશારામજી સીરવી(ચૌધરી)**ની સંપુર્ણ માલીકીની કબજા હેઠળ ચાલી આવેલ છે. સદરહુ મિલકત અમારા અસીલશ્રી વેનારામ કેશારામજી સીરવી (ચૌધરી) નાએ સદર મિલકતના અગાઉના માલિક **(૧) શ્રી ભરતભાઇ ખીમજીભાઇ સવાણી તથા (૨) શ્રી હરીભાઇ ટપુભાઇ પટેલ** આ બંનેના કુલમુખત્યાર શ્રી રોહીતકુમાર ચંદ્રશેખર મિશ્રા નાઓને કિંમતી અવેજ ચુકવી ખરીદ કરેલ. જેનો રજી. વેચાણ દસ્તાવેજ નં.૧૩૫૫૩ થી તા.૦૩/૧૧/૨૦૦૯ ના રોજ મહે. નવાગામના સબ-રજીસ્ટ્રાર સાહેબશ્રીની કચેરીમાં નોંધાયેલ છે. જે અસલ દસ્તાવેજ અને અસલ રજીસ્ટ્રેશન રસીદ યાને કે પહોંચ આગ લાગવાની ઘટનામાં સંપુર્ણ પણે બળીને નાશ થઇ ગયેલ. જે અંગેની અમારા અસીલશ્રીએ સલાબતપુરા પોલીસ સ્ટેશનમાં અરજી નં.૬૨૨૨/૨૦૨૪ થી તા.૦૫/૧૦/૨૦૨૫ ના રોજ કરેલ. જે અરજીના કામે પોલીસ સ્ટેશન માંથી અમારા અસીલશ્રીના નામની પોલીસ એન.ઓ.સી. તા.૨૦/૧૨/૨૦૨૫ ના રોજ મેળવવામાં આવેલ. તેવી હકીકત મિલકતના માલીકે જણાવેલ છે, સદર મિલકત સંબંધે ઉપરોક્ત જણાવેલ અસલ રજીસ્ટ્રેશન રસીદ યાને પહોંચ તથા અસલ રજી. વેચાણ દસ્તાવેજ કોઇ વ્યક્તિ, સંસ્થા, બેંક વિગેરેનો ચાર્જ, બોજા, લિયન યા કોઇ હકક હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૦૭ માં તે અંગેના કાયદેસરના પુરાવા સહિત અમોને લેખિતમાં જાણ કરશોજી જો સદર મુદ્દત દરમ્યાન તેમ નહી કરવામા આવે તો તેવા કોઇના કોઇપણ પ્રકારના હકક અને ઓધકાર નથી અને હોય તો તેઓએ જતા કરેલ હોવાનું માની લઈ સદર મિલકતના ટાઇટલ બાબતે અભિપ્રાય આપવામા આવશે. ત્યારબાદ કોઇની કોઇપણ પ્રકારની તર-તકરાર ચાલશે નહી. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઠેકાણું :- એફ/૨-૩, યામિની કોલોની, મીઠાલાલ કીરાણા સ્ટોરની સામે, નવાગામ-ડીંડોલી મેઇન રોડ, ઉધના, સુરત. મો.૯૧૦૬૫૪૨૪૧૦
**રત્નાકર ટી. નિકુંભ**
તે વેનારામ કેશારામજી સીરવી(ચૌધરી)ના એડવોકેટ

## વડોદરા મહાનગરપાલિકા

www.vmc.gov.in

### ઇ– ટેન્ડરીંગ જાહેરાત

વડોદરા મહાનગરપાલિકામાં યોગ્ય વિભાગ તેમજ યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ માન્ય ઇજારદારો પાસેથી તથા સરકારી/અર્ધસરકારી સંસ્થાના નોંધાયેલા અનુભવી ઇજારદારો પાસેથી નીચે જણાવેલ કામ માટે મહોરબંધ ભાવપત્રો મંગાવવામાં આવે છે.

| અ.નં. | પી.આર.ઓ. નંબર | વિભાગનું નામ | કામની સંખ્યા | અંદાજિત રકમ |
|---|---|---|---|---|
| ૧ | ૫૩૨/૨૬-૨૭ | સ્ટ્રીટલાઈટ વિભાગ | ૦૧ | ૨,૦૦,૦૦,૦૦૦/- |
| ૨ | ૫૩૪/૨૬-૨૭ | ટ્રાફિક શાખા | ૦૧ | ૪,૨૦,૧૧,૯૧૩/- |
| ૩ | ૫૩૫/૨૬-૨૭ | ટ્રાફિક શાખા | ૦૧ | 30,૧૬,૨૧૦/- |
| ૪ | ૫૩૯/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૦૨ | ૧,૬૦,૦૦,૦૦૦/- |
| ૫ | ૫૪૦/૨૬-૨૭ | પાણી પુરવઠા શાખા | ૧૨ | ૨૦,૩૨,૫૬,૬૨૦/- |

ઉપરોક્ત કામના ટેન્ડર ફોર્મ તથા વિસ્તૃત માહિતી જે તે સંબંધિત વિભાગમાંથી ઉપરોક્ત સૂચિત વેબસાઇટ પરથી મળી રહેશે. કોઇપણ ભાવપત્ર મંજૂર/નામંજૂર કરવાની અબાધિત સત્તા મ્યુનિસિપલ કમિશનરશ્રીની રહેશે.

પી.આર.ઓ.નં.૫૪૨/૨૦૨૬-૨૭ જનસંપર્ક વિભાગ દ્વારા પ્રકાશિત

## મોજે : સરોલી, તા. ઓલપાડના બ્લોક નં.૨૭૩ તથા ૨૭૫ વાળી જમીનોની વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે : સરોલી, તા. ઓલપાડ, જી. સુરતના બ્લોક નં. ૨૭૩ વાળી, ૭૨૮૪ ચો.મી. ખેડખાતાની જુની શરતની જમીન **દિનેશભાઈ નાગજીભાઈ પટેલ**ના નામે તથા મોજે : સરોલી, તા. ઓલપાડ, જી. સુરતના બ્લોક નં. ૨૭૫ વાળી, ૪૨૪૯ ચો.મી. ખેડખાતાની જુની શરતની જમીન **દક્ષેશભાઈ અરવિંદભાઈ પટેલ**ના નામે મહેસુલી રેકર્ડ ઉપર ચાલે છે. તેઓ બન્ને ઈસમોએ ઉપરોકત જમીનો મારા અસીલને તમામ પ્રકારના બોજાઓથી મુકત રીતે અને પ્રત્યક્ષ કબજા સાથે વેચાણ આપવાની કબુલાત આપી છે અને વેચાણ દસ્તાવેજ કરી આપવાની બાંહેધરી આપી છે. મારા અસીલ કિંમતી અવેજ ચુકવી સદરહુ જમીનનો વેચાણ દસ્તાવેજ કરાવી લેવા માંગે છે. સબબ, મારા અસીલની સુચના ઉપરથી આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, જે કોઈના મજકુર જમીન ઉપર સીધા કે આડકતરા કાંઈપણ હકક, હિત, સંબંધ, દર-દાવા, કલેઈમ હોય કે સુચિત વ્યવહાર સામે કોઈપણ વાંધો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયાની તારીખથી **દિન–૭** ની મુદતમાં પુરાવા સહિત નીચે સહી કરનારને લેખીત જાણ કરવી. મુદત દરમ્યાન કોઈ કલેઈમ કે વાંધા મળે નહીં તો મુદત વિત્યે તેવા કોઈના કલેઈમ કે વાંધા નથી અને હોય તો જતા કર્યા છે તેમ ગણી મારા અસીલ આ વ્યવહાર સંપૂર્ણ કરશે અને તે બાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર ધ્યાને લેવાશે નહિં તેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

**મહર્ષિ હિતેશ લાયવાલા (તે ખરીદનારના એડવોકેટ)**
ત્રીજો માળ, સાઈગોન, સીટીલાઈટ રોડ, પાર્લે પોઈન્ટ, અઠવાલાઈન્સ, સુરત.

## જાહેર નોટીસ

આથી તમામ લાગતા વળગતાને આ જાહેર નોટીસથી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ–ડીસ્ટ્રીકટ તાલુકા : સુરત સીટી (હાલ મજુરા) ના **મોજે : અઠવા** ના રેવન્યુ સર્વે નંબર : ૫૪–૫૫ જેને ટી.પી. નંબર : ૫ (અઠવા) ના **ફાઈનલ પ્લોટ નંબર : ૯૫,** જેનો સીટીસર્વે દફતરે વોર્ડ : અઠવા સીટીસર્વે નંબર : ૧૯૯૧ વાળી જમીન પર આવેલ **''દીપમંગલ કો. ઓ. હા. સો. લી.''** દ્વારા બનાવવામાં આવેલ ડુપ્લેક્ષ ટાઈપના **બંગલા નંબર : ૬** વાળી મીલકત તથા તેને લાગતા વળગતા અંદરના બહારના તમામ હકકો સહિતવાળી મીલકત હાલ સંતોષ કિસન સપકાળેની માલિકીની ચાલી આવેલ છે, તેઓએ સદર મીલકત વેચાણથી આપવા નકકી કરેલ છે, પરંતુ સદર મીલકતના માલીકના જણાવ્યા મુજબ રજીસ્ટર્ડ **વેચાણ દસ્તાવેજ નં.૩૪૩૬ તા.૧૯.૦૩.૨૦૧૦** અને **દસ્તાવેજ નં.૪૫૦૦ તા.૧૭.૦૬.૨૦૦૯ નો અસલ દસ્તાવેજ અને અસલ રજીસ્ટ્રેશન રસીદ** અને સોસાયટી તરફથી ફાળવેલ **અસલ શેર સર્ટીફીકેટ નંબર : ૭૩, તા.૧૦.૧૦.૧૯૭૪ તેઓ કનેથી ગુમ/ગેરવલ્લે** થઈ ગયેલ છે જે હાલ મળી આવતી નથી. સબબ, સદરહું મીલકત બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી કે સહકારી બેંક, સંસ્થા, પેઢી, કંપની યા કોઈ વ્યકિત કે ત્રાહિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, ખોરાકી–પોષાકી, આજીવન રહેવાનો કે ઈઝમેન્ટનો હકક કે ગણોતનો હકક કે દરદાવો વગેરે હોય તો **દિન–૭** માં દસ્તાવેજી પુરાવા સહિત લેખિતમાં નીચેના સરનામે જાણ કરવી. અન્યથા મુદત વિત્યે મજકુર જમીન ઉપર કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, બોજો કે દરદાવો નથી અને જો હોય તો તે વેવ કરેલ છે યાને જતો કરેલ છે તેમ માનીને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ ઈસ્યું કરવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તકરાર, વાંધા–વિરોધ ચાલશે નહી અને આગળની પ્રક્રિયા સંપુર્ણ કરવામાં આવશે, જેની નોંધ લેવી.

તા. ૨૫-૧૦-૨૦૨૬
ઓફિસ : ૩૧૦, શુભમ કોમ્પલેક્ષ, પોર મહોલ્લો, આણંદ હોસ્પિટલની ગલીમાં, નાનપુરા, સુરત, મો. ૯૭૨૫૫ ૫૫૪૧૪
અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
**એસ. કે. શિરસાઠ**
એડવોકેટ

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા-વળગતા તમામને જાહેર નોટીસ આપી જણાવવાનું કે ડીસ્ટ્રીકટ **સુરત** સબડીસ્ટ્રીકટ તાલુકે **પલસાણા**નાં મોજે ગામ **એનાનાં રે.સ.નં.૪૫૭/૧ અ પૈકી,** કે જેનો **બ્લોક નં.૬૪૦/બ** થી નોંધાયેલ કુલ સુમારે ક્ષેત્રફળ **હે.આરે ૧-૯૪-૧૬ ચો.મી. પૈકી પશ્ચિમ દિશા તરફની યાને એકસપ્રેસ-વે તરફની સુમારે હે.આરે ૧-૧૮-૯૦ ચો.મી.**વાળી ખેડખાતાની જુની શરતની ખેતીની જમીન, કે જેનો **ખાતા નં.૧૩૫૦** થી નોંધાયેલ જુની શરતની ખેતીની જમીનનાં માલીકો તરીકે **(૧) ચેતનભાઈ મોહનભાઈ પટેલ (૨) અલકાબેન મોહનભાઈ પટેલ તે સતિષભાઈની પત્ની (૩) અમીષાબેન ચેતનભાઈ પટેલ તથા (૪) જીલ ચેતનભાઈ પટેલની** સંયુકત માલીકી અને પ્રત્યેક્ષ કબજા ભોગવટામાં ચાલી આવેલ હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનમાં અગર તેના કોઈ ભાગ અંગે ઉપરોકત જણાવેલ જમીન માલીકો સિવાય અન્ય કોઈના કોઈપણ અધિકાર, ટાઈટલ, હિત, હિસ્સો, ગીરોનો કોઈ સીધી કે આડકતરો બોજોનો હકક, દાવો, વેચાણ, ભેટ, ટ્રાન્સફર ડીડ, વારસો, ટેનન્સી, સમજુતી, મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેડિંગ, કોઈ બેંક, સંસ્થા, મંડળી કે ખાનગી-સરકારી સંસ્થાનો બોજો, ચાર્જ, લિયન, સિકયુરિટી, ઈઝમેન્ટ, પાવર ઓફ એટર્ની, આવવા-જવાના રસ્તાના હકક, ઈઝમેન્ટ, એકવીઝીશન નથી કે અન્ય કોઈપણ પ્રકારનાં સાટાખત, બાનાખત, સોદાચિઠ્ઠી કે તબદીલીને લગતા કોઈ લખાણો અન્ય કોઈ ત્રાહીત વ્યકિતને કરી આપેલ નથી કે કોઈ કૌટુંબીક કે ભાગીદારો/સહમાલીકો/વારસોની તર-તકરાર નથી તેમ જણાવી મજકુર માલીકે સદરહુ જમીન અમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. તેવું કંઈપણ રહેલું હોય તો તે સંદર્ભમાં પોતાના લેખિત વાંધાની અમોને આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન-૭** માં તેના દસ્તાવેજી પુરાવા સહીત નીચેના સરનામે લેખિત જાણ કરી તેની ખાત્રી આપવી. જો તેમ નહિ કરવામાં આવે તો અમારા અસીલ ઉપરોકત જણાવેલ માલીકને વેચાણ અવેજની રકમ ચુકવીને તેમની સાથે વેચાણના વ્યવહારો પુરો કરશે અને ત્યારબાદ આ અંગે કોઈની કોઈ પણ પ્રકારની તકરાર કે હકક દાવો ચાલશે નહિ તે તમામ હકકો છોડી દીધેલા ગણી યાને કોઈનો કોઈપણ જાતનો હકકહિસ્સો નથી યાને જતો કરેલ છે, તેમ સમજી હમારા અસીલ સદરહુ જમીનનો પાકો રજી.વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. જેની લાગતા-વળગતા તમામે યાને જાહેર જનતાએ નોધ લેવી.

તા. ૨૫/૧૦/૨૦૨૬

**પરેશ એમ. દિયોરા** મો. ૯૮૭૯૦૧૧૭૧૨
**નીતા પી. દિયોરા** મો. ૯૯૦૯૦૩૦૩૦૪
ખરીદનારના એડવોકેટસ
ઓફિસ : ૪૦૩/એ ચોથા માળ, ઉત્સવ કોમ્પલેક્ષ, ચોપાટીની સામે, નાના વરાછા, સુરત.

## વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીનનાં સ્વતંત્ર માલીક મુખત્યાર અને કબજેદાર **બીપીનભાઈ લલ્લુભાઈ પટેલ તથા નિલેશભાઈ લલ્લુભાઈ પટેલ** ચાલી આવેલા છે તેવું જણાવી મજકુરનાએ નીચે જણાવેલ વર્ણન અને વિગતવાળી જમીન હમારા અસીલને વેચાણ આપવાનું નક્કી કરેલ છે અને હમારા અસીલ ટુંક સમયમાં પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેવાના છે. સદરહુ જમીન બાબતે કોઈનો પણ કોઈપણ પ્રકારનો હકક હિસ્સો હિત સંબંધ દર દાવો કે કબજો હોય કે કોઈને કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત હોય તો તેમણે આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૭ માં હમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. જો તેમ કરવામાં કસુર કરવામાં આવશે તો મુદ્દત વિત્યેથી કોઈનો પણ કોઈપણ પ્રકારનો લાગભાગ હકક હિસ્સો નથી અથવા છોડી દીધો છે તેવું માની હમારા અસીલ સદરહુ જમીનનો પાકો વેચાણ દસ્તાવેજ કરી લેશે ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા વિરોધ અવરોધ કે અટકાયત ચાલશે નહી તેની આથી જાહેર નોંધ લેવી.

**-: જમીનની વિગત :-**

સુરત ડીસ્ટ્રીકટ પલસાણા સબ ડીસ્ટ્રીકટના મોજે ગામ : ભુતપોરના રે.સ.નં. ૨૯૭, બ્લોક નં. ૨૭૫, વાળી બીન ખેતી પ્રિમિયમને પાત્ર ખેતીની જમીન કે જેનું ક્ષેત્રફળ હે.આરે.૦-૨૯-૩૪ ચો.મી. છે અને જેનો આકાર-રૂા.૩.૫૬ પૈસા છ તે જમીન દરોબસ્ત.

ઠે. : ૪, ગ્રાઉન્ડ ફલોર, ડચ હાઉસ, ડચ ગાર્ડન રોડ, સૈફી બિલ્ડીંગની પાછળ, પોપટ મોહલ્લો, નાનપુરા, સુરત.
**અજય એન. પટણી**
એડવોકેટ એન્ડ નોટરી

## -:: જાહેર ચેતવણી ::-

આથી સર્વે લાગતા-વળગતાને આ જાહેર નોટીસ થકી જણાવવાનું કે, **સુરત ડિસ્ટ્રીકટ, સુરત સીટી સબ–ડિસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે : ઉમરાના રેવન્યુ સર્વે નંબર : ૧૪૪/૧, ટી.પી. સ્કીમ નંબર : ૪ (ઉમરા સાઉથ)ના ફાઈનલ પ્લોટ નંબર : ૧૭૨ પૈકી ૧૪૮૮.૯૬ સમ ચોરસ મીટર જમીનમાં બાંધવામાં આવેલી 'એસ્કોન સીટી'ના નામે ઓળખાતી મિલકતમાં આગળના ભાગે અપર ગ્રાઉન્ડ ફલોર ઉપર આવેલી દુકાન નંબર : યુજી/૧૧ તથા યુજી/૧૨ જે બંને દુકાનોનું કુલ ક્ષેત્રફળ ૪૮૦.૦૦ ચોરસ ફૂટ યાને ૪૪.૫૯ સમ ચોરસ મીટર** થાય છે તથા તળની જમીનમાં વણવહેંચાયેલા અવિભાજય હિસ્સાની ૨૫.૦૦ સમ ચોરસ મીટર જમીન સહિતની મિલકત અમારા અસીલ રવિન્દ્ર ઉર્ફે રવિ ગોપીચંદ ભાટિયાએ તા. ૧૧/૦૪/૨૦૦૨ના રોજના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૨૪૮૨ (સુરત સીટી-૧, અઠવા) અન્વયે અશ્વાની કન્સ્ટ્રકશન પ્રાઈવેટ લિમિટેડ (જેનું અગાઉનું નામ અશ્વાની ઓર્ગેનાઈઝર્સ પ્રાઈવેટ લિમિટેડ હતું) પાસેથી વેચાણ રાખેલી. હાલમાં અમારા મજકુર અસીલ રવિન્દ્ર ઉર્ફે રવિ ગોપીચંદ ભાટિયાએ સદરહુ મિલકત (૧) વિરેશકુમાર દિનેશચંદ્ર જરદોશ, (૨) જીગર કનુભાઈ સુરતીને તા. ૨૩/૦૯/૨૦૨૬ના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબર : ૧૪૩૮૦ અન્વયે વેચાણથી આપેલી છે. પરંતુ અમારા અસીલના ઉપરોકત **તા. ૧૧/૦૪/૨૦૦૨ના રોજના વેચાણ દસ્તાવેજ અનુક્રમ નંબરઃ ૨૪૮૨ની અસલ રજીસ્ટ્રેશન ફી ભર્યાની રસીદ/પાવતી કયાંક ગુમ થઈ ગયેલી** છે યાને ગેરવલ્લે થયેલી છે. જેથી સદરહુ વેચાણ દસ્તાવેજની અસલ રજીસ્ટ્રેશન ફીની પાવતી જે કોઈ ઈસમોને મળેલી હોય કે જે કોઈના ઈસમોના કબજા, ભોગવટામાં ચાલી આવેલી હોય તો તે અસલ રજીસ્ટ્રેશન ફીની રસીદ/પાવતી અમોને આ જાહેર નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન–૦૭ (સાત)** ની મુદ્દતમાં નીચે જણાવેલા અમારી ઓફિસના સરનામે સુપ્રત કરવા આ નોટીસ થકી જાણ કરવામાં આવે છે.

તા. ૨૪/૧૦/૨૦૨૬

મારી મારફત : **મનીષ આર. દુધવાલા** એડવોકેટ
ઓફિસ : ૨/૪૧૯૫, કાળા મહેતાની શેરી, સગરામપુરા, સુરત. (મો.) : ૯૩૧૩૫ ૨૪૯૭૪

## મોજે : ખાનપુર, તા. કામરેજનાં જુનો બ્લોક નંબર : ૪૦૭, નવો બ્લોક નંબર : ૪૪૧ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર

આથી જાહેર જનતાને જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ કામરેજનાં **મોજે : ખાનપુર**ની સીમમાં આવેલ સર્વે નંબર : ૧૭૯, જુનો બ્લોક નંબર : ૪૦૭, **નવો બ્લોક નંબર : ૪૪૧** ની ક્ષે. **હે. ૦–૯૩–૪૬ ચો.મી.**, આકાર રૂા. ૮.૬૬ પૈસાથી નોંધાયેલી જુની શરતની જરાયત ખેતીની જમીન **પ્રકાશભાઈ કેશવભાઈ પટેલ,** રહે : પટેલ ફળિયું, ખોલેશ્વર, તા. કામરેજ, જી. સુરતની સ્વતંત્ર માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની ચાલી આવેલ છે. જેઓએ સદરહુ જમીનનાં ટાઈટલ ચોખ્ખા, કલીયર અને માર્કેટેબલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે જેથી ઉપરોકત જમીનમાં અન્ય કોઈનાં કાંઈપણ પ્રકારનાં લાગ ભાગ, દરદાવો, હકક, હિસ્સો, હિત, સબંધ, ખાધાખોરાકી યા લીયન નાં હકકો યા ઈઝમેન્ટ નાં હકકો યા બેંક, મંડળી, સંસ્થા, રાજય સરકારનાં કોઈપણ ખાતા વિગેરેના બોજા, ચાર્જ, લેણું હોય યા વેચાણ વિરૂધ્ધ વાંધો હોય તો તેમણે આધારભુત લેખીત પુરાવા સહીત આ નોટીશ પ્રસિધ્ધિથી દિન –૭ માં હમોને લેખીત માં જાણ કરવી. જો મજકુર મુદતમાં તેવા કોઈ હકક, વાંધા રજુ થશે નહીં તો કોઈના હકક દાવા વિગેરે નથી અને હોય તો તે છોડી દીધા છે યાને વેવ કર્યા છે, તેવુ માની હમારા અસીલ અવેજની રકમ ચુકવી સદરહુ જમીન અંગેના બાનાખત/સાટાખત રજી. વેચાણ દસ્તાવેજ તેમજ આનુષાંગીક પાકા લખાણો કરાવી લેશે. ત્યારબાદ, ભવિષ્યમાં જમીનનાં ટાઈટલ અંગે કોઈની કાંઈપણ તર–તકરાર તથા વાંધા ચાલશે નહીં. જેની આથી જાહેર જનતાએ ગંભીર નોંધ લેવી.

**પિયુષ ડી. પરમાર**
એડવોકેટ એન્ડ નોટરી
ઓફીસ : ૧૧૫–૧૧૬, ગોલ્ડન પ્લાઝા, કામરેજ ચાર રસ્તા, કામરેજ, સુરત. મોબાઈલ નં. ૯૯૦૯૧ ૬૨૫૫૩

Surat SMART CITY
SWACHH SURVEKSHAN 2025-26

# સુરત મહાનગરપાલિકા, સુરત શહેરી વિકાસ સત્તામંડળ અને જિલ્લા વહીવટી તંત્ર વતી

## જાહેર નિમંત્રણ

**શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ**
માનનીય મુખ્યમંત્રી, ગુજરાતના વરદ હસ્તે

**સુરત મહાનગરપાલિકા**ના **₹.192.00 કરોડ**ના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ તથા **₹.34.00 કરોડ**ના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત
અને
**સુરત શહેરી વિકાસ સત્તા મંડળ**ના **₹.144.22 કરોડ**ના પ્રકલ્પોનાં ખાતમુહૂર્ત
તથા
**જિલ્લા વહીવટી તંત્ર**ના **₹.19.58 કરોડ**ના વિવિધ પ્રકલ્પોનાં લોકાર્પણ તથા **₹.20.41 કરોડ**ના વિવિધ પ્રકલ્પોનાં ખાતમુહૂર્તના કાર્યક્રમનું આયોજન
તા.25/10/2026, રવિવારના રોજ કરવામાં આવ્યું છે. આ પ્રસંગે પધારવા જાહેર જનતાને સ્નેહભર્યું નિમંત્રણ છે.




**ગરિમામયી ઉપસ્થિતિ**
**શ્રી સી. આર. પાટીલ** – માન. કેન્દ્રીય મંત્રી, જળશક્તિ મંત્રાલય, ભારત સરકાર

**પ્રેરક ઉપસ્થિતિ**
**શ્રી હર્ષ સંઘવી** – માન. નાયબ મુખ્યમંત્રી, ગુજરાત

**વિશેષ ઉપસ્થિતિ**
**શ્રી કનુભાઈ દેસાઈ** – માન. મંત્રી, નાણા, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ, ગુજરાત સરકાર
**શ્રી પૂર્ણેશ મોદી** – માન. ઉપાધ્યક્ષ, ગુજરાત વિધાનસભા
**શ્રી પ્રફુલભાઈ પાનશેરીયા** – માન. રાજ્યકક્ષા મંત્રી, આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ (સ્વતંત્ર હવાલો), પ્રોટોકોલ, ગુજરાત સરકાર

**પ્રમુખ**
**શ્રીમતી માયાબેન ધર્મેન્દ્રભાઈ માવાણી** – માન. મેયર
**શ્રી સમીરભાઈ મોદી** – માન. પ્રમુખ, જિલ્લા પંચાયત

**મુખ્ય મહેમાન**
**શ્રી મુકેશભાઈ દલાલ** – માન. સંસદસભ્ય
**શ્રી પરભુભાઈ વસાવા** – માન. સંસદસભ્ય
**શ્રી ગોવિંદભાઈ ધોળકિયા** – માન. સંસદસભ્ય, રાજ્યસભા

**અતિથિ વિશેષ**
શ્રી ગણપતભાઈ વસાવા – માન. ધારાસભ્ય
શ્રી વિનોદભાઈ મોરડીયા – માન. ધારાસભ્ય
શ્રી મોહનભાઈ ઢોડિયા – માન. ધારાસભ્ય
શ્રી કાંતીભાઈ બલર – માન. ધારાસભ્ય
શ્રી મનુભાઈ પટેલ – માન. ધારાસભ્ય
શ્રી ઈશ્વરભાઈ પરમાર – માન. ધારાસભ્ય
શ્રી મુકેશભાઈ પટેલ – માન. ધારાસભ્ય
શ્રીમતી સંગીતાબેન પાટીલ – માન. ધારાસભ્ય
શ્રી પ્રવિણભાઈ ઘોઘારી – માન. ધારાસભ્ય
શ્રી કિશોર કાનાણી (કુમાર) – માન. ધારાસભ્ય
શ્રી કુંવરજીભાઈ હળપતિ – માન. ધારાસભ્ય
શ્રી અરવિંદ રાણા – માન. ધારાસભ્ય
શ્રી સંદિપ દેસાઈ – માન. ધારાસભ્ય
શ્રી સુધાકર ચૌધરી – માન. ડે. મેયર
શ્રી રાજન પટેલ – માન. અધ્યક્ષ, સ્થાયી સમિતિ
શ્રીમતી અલ્પાબેન મહેતા – માન. નેતા, શાસક પક્ષ
શ્રીમતી ઉર્મિલા ત્રિપાઠી – માન. દંડક, શાસક પક્ષ

**જાહેર કાર્યક્રમ :**
**તારીખ : 25/10/2026, રવિવાર | સમય : સવારે 11.00 વાગે | સ્થળ : સંજીવકુમાર ઓડિટોરિયમ, પાલ, સુરત**

સુરત મહાનગરપાલિકાને હંમેશાં સાથે રાખો
સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ

નં.પી.આર.ઓ./૩૦૬/૨૦૨૬–૨૭
તા.૨૩–૧૦–૨૦૨૬

:: નિમંત્રક ::
**તેજસ પરમાર,** IAS – કલેક્ટર, જિલ્લા વહીવટી તંત્ર, સુરત
**રાજકુમાર બેનિવાલ,** IAS – કમિશનર, સુરત મહાનગરપાલિકા